ગાંધીનગર સમાચાર
તા. ૭-૩-૨૦૧૨, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી.....

### પરીક્ષા : પરી કે પિશાચિની?

ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની બોર્ડની પરીક્ષા આપવા સજ્જ થઇ રહ્યાં છે, ત્યારે સમાજ આખો એક પ્રકારની છૂપી ધ્રુજારી અનુભવી રહ્યા છે. આપણાં લાડકાં બાળકોનાં ઊજળા ભવિષ્ય માટે આપણે પેટે પાટા બાંધીને એમને સારી શાળામાં પ્રવેશ અપાવીએ છીએ, એમને સારા અને નીવડેલા શિક્ષકોનું ખાનગી ટ્યૂશન કે કોચિંગ મળે એવી વ્યવસ્થા કરાવીએ છીએ. ઘરમાં બોર્ડની પરીક્ષા આપનારો વિદ્યાર્થી હોય તો આખું વર્ષ ઘરનાં વડીલોને એના નામનો ઉજાગરો રહ્યા કરતો હોય છે. અજાણતાં જ આખા પરિવારમાં પરીક્ષાનો હાઉ એક જ કહેવાય કે ન સહેવાય એવા તનાવનું વાતાવરણ સર્જી દે છે. આ ટેન્શન એકલા પરીક્ષાર્થીના જ ચહેરા પર નહીં બલકે એનાં માતાપિતાના કે વાલીના ચહેરા પર અને વર્તણૂકમાં પણ પ્રતિબિંબિત થતું હોય છે. બાળકને બદલે જાણે આખું ઘર પરીક્ષા ન આપી રહ્યું હોય - એવું ભારઝલ્લું ગમગીન વાતાવરણ પ્રવર્તી રહે છે. ખરૂં જોતાં આ આપણી શિક્ષણ પધ્ધતિની સરિયામ નિષ્ફળતાની નિશાની છે. એમાં બાળકની ક્ષમતા અને યોગ્યતાની કસોટી ફક્ત બોર્ડની પરીક્ષાના ગુણાંક પરથી જ નક્કી કરી દેવામાં આવતી હોઈ સમાજ આખો બાનમાં પકડાઇ જતો હોય છે. યેનકેન પ્રકારેણ ઊંચી ટકાવારી લાવવા માટે કુમળા બાળમાનસ પર વધુ પડતો બોજ ઝીંકી દેવામાં આવે છે. દુનિયાભરની માહિતી એના મગજરૂપી સૉફ્ટવેરમાં ઠાંસી ઠાંસીને ભરી દેવામાં આવે છે. આખા વરસની આ ત્રાસદાયક કવાયતને અંતે પરીક્ષાનું પેપર નિશ્ચિત સમયગાળામાં પુરૂં કરી દેવાનું હોય છે. આ ઉંદરદોડમાં કયારેક ગોખણિયા કે ચોરીચપાટીની સગવડ મેળવી શકનારા વિદ્યાર્થીઓ આગળ નીકળી જાય છે અને ઈમાનદારી પૂર્વક વરસભર મેહનત કરનારા પાછળ રહી જાય છે કયારેક હતાશ વિદ્યાર્થી-વિદ્યાર્થીની આવેશમાં આવીને આત્મવિલોપન જેવું આત્યંતિક પગલુંય ભરી લે છે. આ પરિસ્થિતિની સમાજ અને સરકાર પૂરેપૂરાં વાકેફ છે; શિક્ષણવિદો, મનોચિકિત્સકો અને સમાજચિંતકો આ મુદ્દે વિમર્શ પણ કરતાં રહે છે, પરંતુ એનું કશું જ નક્કર પરિણામ આજ લગી દેખાયું નથી. સ્મશાન વૈરાગ્યની જેમ પરીક્ષાલક્ષી દુર્ઘટનાઓ કાલાંતરે વીસરાતી રહે છે અને કૅરિયરની લાયમાં, બાળકોનું કયારેય પાછું નહીં મળનારૂં મહામૂલું બાળપણ પરંપરાગત પરીક્ષાની ભઠ્ઠીમાં ભૂંજાતું રહે છે. શું આ વિકટ પરિસ્થિતિ સામે અવાજ ઉઠાવવાનો સમય પાકી ગયો નથી? કયાં સુધી આપણાં કુમળાં ફૂલ જેવાં લાડકાં સંતાનોને આપણે 'પરીક્ષા' નામની પિશાચીનીની વિકરાળ દાઢોમાં ઓરાવા દઈશું? શું પરીક્ષાની પ્રવર્તમાન પધ્ધતિને બદલે કોઇ સાનુકૂળ વૈકલ્પિક વ્યવસ્થા ન વિચારી શકાય? ફક્ત ગુણાંકના જ આધારે પસંદગીની લાઇનમાં પ્રવેશ અપાવવાને બદલે એ વિષય પરત્વેની અભિરૂચિ ધરાવતાં બાળકોને જુદાં તારવવાની નવી પરીક્ષા પધ્ધતિ ન વિકસાવી શકાય? વચ્ચે વિદેશોમાં લેવાય છે એવી પુસ્તક સાથેની પરીક્ષાનો વિકલ્પ વિચારાયો હતો, તે પણ આપણા પરંપરાગત શિક્ષણ પધ્ધતિના પુરસ્કર્તાઓનાં વિરોધને કારણે અમલી ન બનાવી શક્યો. શું આપણા શિક્ષણવિદો અને સમાજધુરીણો એટલી હદે સંવેદનશૂન્ય બની ગયા છે કે બાળકોનાં કુમળા માનસને 'ટૉર્ચરિંગ' કર્યા વગર એમની પરપીડનવૃત્તિ સંતોષાય જ નહીં! પરીક્ષાને 'પિચાશિની' (ડાકણ) માંથી 'પરી'માં રૂપાંતરિત કરવાનો ઈલાજ વેળાસર નહીં કરીએ તો આપણું લોહી જ આપણને માફ નહીં કરે. હાલ પૂરતી તો આ પરીક્ષાઓ આપનારાં વિદ્યાર્થી ભાઈબહેનોને હાર્દિક શુભકામનાઓ. બેસ્ટ ઓફ લક!

# ૧૨ સાયન્સ (જુના કોર્સ)માં આજે રસાયણ વિજ્ઞાન પેપર

## આજે ધો.૧૦માં ગુજરાતી તેમજ ધોરણ-૧૨માં નામાના મુળતત્વોનું પેપર : પ્રથમ દિને ધોરણ-૧૦માં સરળ પેપર

અમદાવાદ, તા.૬

ગુરુવારથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરિક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં પરિક્ષામાં પ્રારંભિક દિવસે ધોરણ-૧૦માં પ્રથમ ભાષા ગુજરાતીનું પેપર છે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય વિભાગના વિદ્યાર્થીઓ નામાના મુળ તત્વોની પરિક્ષા આપશે. તો ધોરણ-૧૨ સાયન્સના જુના કોર્સ મુજબ પરિક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ રસાયણ વિજ્ઞાનની પરિક્ષા આપશે.ગુરુવારથી રાજ્યભરના ૨૭સેન્ટરો ઉપર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરિક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. સવારે ૧૦ કલાકે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પોતાના પરિક્ષા કેન્દ્રોએ પરિક્ષા આપવાની શરૂઆત કરશે. આ સાથે જ બોર્ડની પરિક્ષાનો વિધીવત પ્રારંભ થશે. જેમાં ગુરુવારે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પ્રથમ ભાષાનું પેપર આપશે. જેમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ ગુજરાતી અને અન્ય માધ્યમમાં વિદ્યાર્થીઓ પોતાના માધ્યમના વિષયનું પેપર આપશે. ધોરણ-૧૦ની પરિક્ષા સવારે ૧૦-૦૦થી ૧૩-૨૦ કલાક દરમિયાન યોજાશે.ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ગુરુવારે વાણિજ્ય વિભાગના વિદ્યાર્થીઓ નામાના મુળતત્વોનું પેપર આપશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની આર્ટસ વિભાગના વિદ્યાર્થીઓનું ગુરુવારે કોઈ પેપર રહેશે નહીં. તેઓ શુક્રવારથી વિજ્ઞાનનું પેપર આપીને બોર્ડની પરિક્ષાનો પ્રારંભ કરશે. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના જુના કોર્સ મુજબ પરિક્ષા આપતા વિદ્યાર્થીઓ ગુરુવારે રસાયણ વિજ્ઞાનનું પેપર આપશે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સના બીજા અને ચોથા સેમિસ્ટરની પરિક્ષાનો ૧૮ માર્ચથી પ્રારંભ થશે.

ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની પરિક્ષા બપોરે ૩-૦૦થી ૬-૧૫ કલાક દરમિયાન યોજાશે. બોર્ડની પરિક્ષા અગાઉ બુધવારે વિદ્યાર્થીઓ માટે પરિક્ષા કેન્દ્રોએ બેઠક વ્યવસ્થા નિહાળવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં બપોરે-૪ કલાક સુધી વિદ્યાર્થીઓ પરિક્ષા પહેલા પોતાની બેઠક વ્યવસ્થા નિહાળી હતી. જેથી ગુરુવારે વિદ્યાર્થીઓને પરિક્ષા આપવામાં કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે.



ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય પ્રેરીત સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિતે ગાંધીનગરમાં તા. ૫મી માર્ચથી તા. ૧૧ માર્ચ સુધી રાષ્ટ્રીય એકતા કેમ્પ યોજવામાં આવેલ છે. જેમાં આસામ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે રાજ્યોના યુવકો જોડાશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ દેશના વિવિધ રાજયો એકબીજાને મળીને સમુહ જીવનમાં આદાન-પ્રદાન કરે. વિવિધ વકતાઓ માર્ગદર્શન આપશે.

તા. ૬ માર્ચના રોજ કેમ્પનું ઉદ્‌ઘાટન રાખવામાં આવેલ હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે સી.એલ. મીના અધ્યક્ષ ગુજરાત સીવીલ સર્વિસ ટ્રીબ્યુનલ, જ્યોતિબેન થાનકી, ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ડૉ. કમલેશ જોશીપુરા ઉપકુલપતિ ઉપસ્થિત રહ્યાં હતા.

# પરીક્ષા ખંડમાં કેલક્યુલેટર લઈ જવા ઉપર આખરે બ્રેક

અમદાવાદ, તા.૬

ગુરુવારથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. તે સાથે જ બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે જિલ્લા શિક્ષણ અધિકારીઓએ કમર કસી લીધી છે. જે મુજબ ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાં સાદુ કેલક્યુલેટર લઈ જઈ શકશે પરંતુ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ખંડમાં કેલક્યુલેટર લઈ જવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત પેપર ફુટી ગયાની અફવાઓથી દૂર રહી શાંતિમય રીતે પરીક્ષા આપવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને સૂચિત કરવામાં આવ્યું છે. પરીક્ષા સમયે અને તેમાંય ખાસ કરીને બોર્ડની પરીક્ષા સમયે પેપર ફુટી ગયાના સમાચારો અવારનવાર પ્રકાશમાં આવતા હોય છે જેથી વિદ્યાર્થીઓ પોતાનું ધ્યાન પરીક્ષામાં આપવાની જગ્યાએ પેપર મેળવવા માટે મથામણ હાથ ધરે છે. અને પરીક્ષામાં છેલ્લા સમયનું વાંચન કરી શકતા નથી. તેથી બોર્ડની પરીક્ષા અગાઉ શિક્ષણ બોર્ડ દ્વારા આવી અફવાઓથી દૂર રહેવા માટે વિદ્યાર્થીઓને સૂચન કર્યુ છે. આ ઉપરાંત પરીક્ષા દરમિયાન ગેરરીતિની ફરિયાદ ન ઉઠે તે માટે પરીક્ષા કેન્દ્ર ઉપર દરરોજ વિદ્યાર્થીઓનું ચેકિંગ કરીને જ પરીક્ષા ખંડમાં જવા દેવાનું સૂચના કરવામાં આવ્યું છે. જેથી તમામ વિદ્યાર્થીઓએ ફરજીયાત ચેકિંગ કરાવવાનું હોવાથી પરીક્ષાના સમયના એક કલાક પહેલા પરીક્ષા કેન્દ્રોએ પહોંચી જવા માટે સૂચના અપાઈ છે.

બોર્ડની પરીક્ષાનો સમય ૧૮૦ મિનિટનો રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પેપર વાંચવા માટે વધારાની ૧૫ મિનિટ અલગથી ફાળવવામાં આવશે. વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારુ પરિણામ મેળવે તેવી શુભકામના વ્યક્ત કરતા શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણોની માટે ટાઈમ મેનેજમેન્ટ કરવાની સલાહ આપવામાં આવી છે. ૧૦૦ માર્ક્સના પ્રશ્નપત્રમાં સરેરાશ એક માર્ક પાછળ દોઢ મિનિટ જેટલો સમય વિદ્યાર્થીઓએ ફાળવવો જોઈએ. કોઈ એક પ્રશ્ન પાછળ વિદ્યાર્થીઓએ વધુ સમય ફાળવવાથી બચવું જોઈએ. એટલ જ નહીં વિદ્યાર્થીઓએ વૉર્નિંગ બેલ પહેલા જ પ્રશ્નપત્ર પુરુ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેથી છેલ્લી ૧૦ મિનિટ પુરવણી ગણીને બાંધવા અને પુરવણીના પુનઃઅવલોકન પાછળ ફાળવી શકાય

# ગાંધીનગરમાં દસમીએ ગીતા જ્ઞાન સત્ર યોજાશે

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને ભારતીય શિક્ષણ મંડળ દ્વારા યોજાયેલા જ્ઞાનસત્રમાં સંસ્કૃતના વિદ્વાનો પધારશે

ગાંધીનગર, તા.૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને ભારતીય શિક્ષણ મંડળ, ગુજરાતના સંયુકત ઉપક્રમે પ્રા. ડૉ. અંબાલાલ પ્રજાપતિના માર્ગદર્શન નીચે તા. ૧૦ માર્ચ, ૨૦૧૩ અને રવિવારે 'ગીતા જ્ઞાનસત્ર'નું આયોજન કરવામાં આવ્યું છે.

જ્ઞાનસત્રમાં ડૉ. રમાકાન્ત શુક્લ (દિલ્હી) અધ્યક્ષ, ડૉ. વી.વી. ગોગટે (મહારાષ્ટ્ર)મુખ્ય અતિથિ, ડૉ. રાજેન્દ્ર નાણાંવટી (વડોદરા) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. જ્ઞાનયજ્ઞ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કડી સર્વ વિશ્વિદ્યાલયના કુલપતિ ડી.ટી. કાપડિયા દ્વારા કરવામાં આવશે. તથા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેલા ડૉ. રમાકાન્ત શુકલ, પ્રા. ડૉ. અંબાલાલ પ્રજાપતિ વિરચિત 'ગુજરાત ગૌરવ લહરી' સંસ્કૃત કાવ્ય સંગ્રહનું લોકાપર્ણ કરશે.

પ્રસ્તુત કાર્યક્રમના જ્ઞાન વ્યાખ્યાન સત્રમાં ગીતા પર ડૉ. વિજય પંડ્યા, ભાગ્યેશભાઈ જ્હા, રજનીભાઈ ભટ્ટનાં વ્યાખ્યાનો ઉપરાંત સંસ્કૃત કવિ ગોષ્ઠિ અને સંસ્કૃતના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓના શોધપત્રોના વાચનનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. ગીતાનું સમગ્ર અને ધારણક્ષણ ચિંતન વર્તમાન સમસ્યાઓમાં કેવી રીતે ઉપયોગી થઈ શકે અને તેને શિક્ષણ સાથે કેમ જોડી શકાય વિષય પર ભાર મુકવામાં આવશે.

# ૯મીથી એલએલબીની પરીક્ષાનો આરંભ થશે

અમદાવાદ, તા.૬

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન લો કોલેજોમાં એલએસબીની પરીક્ષાનો નવ એપ્રિલથી પ્રારંભ થશે. જેમાં પ્રથમ વર્ષ એલએલબીના બીજા સેમિસ્ટરની પરીક્ષાનો પ્રારંભ નવ એપ્રિલથી થશે. જ્યારે એલએલબીના બીજા વર્ષના ચોથા સેમિસ્ટર અને તૃતીય વર્ષના છઠ્ઠા સેમિસ્ટરની પરીક્ષાનો ૧૬ એપ્રિલથી પ્રારંભ થશે.

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોની વાર્ષિક પરીક્ષા આગામી એપ્રિલ અને મે મહિના દરમિયાન યોજાઈ રહી છે. જેના ભાગરૂપે એલએલબીની પરીક્ષા પણ એપ્રિલ મહિનામાં યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે મુજબ આગામી નવમી એપ્રિલ પ્રથમ વર્ષ એલએલબીના બીજા સેમિસ્ટરની પરીક્ષાનો પ્રારંભ થશે જ્યારે દ્વિતીયુ વર્ષ એલએલબીના ચોથા સેમિસ્ટર અને તૃતિય વર્ષ એલએલબીના છઠ્ઠા સેમિસ્ટરની પરીક્ષાનો પ્રારંબ ૧૬ એપ્રિલથી થશે. જેમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન લો કોલેજોના અંદાજે ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# 'પનુભાઇ, તમે મારી બૂમ સાંભળીને ઊભા ન રહી ગયા હોત તો આજે રન એન્ડ હીટનો કેસ થઇ જાત, હોં!'

## ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

### ...ને રેડ અંકલનાં શિવરાત્રીના ખાસમ્ ખાસ પ્રોગ્રામનું ગોઠવાય તે પહેલાં જ 'અચ્યુતમ્ કેશવમ્' થઈ ગયું

"પનુભાઇ..."

અમે ખરીદી કરવા શોપિંગ સેન્ટર તરફ ઝડપથી જઇ રહ્યા હતા ત્યાં અમારી પાછળથ ૧૫-૨૦ ફૂટ દૂરથી શ્રીમાન લાલાકાકાની હાઇ વોલ્યુમ પીપ... પીપ... સંભળા.

અમે ચમક્યા : મારો ઠાર. અમારે મોડું થતું હતું. ઘરે મહેમાન જમવા આવવાનાં છે એટલે શ્રીમતીજીએ મંગાવેલી વસ્તુઓ લઇને ઝટ ઘરે પહોંચાડવાની છે ત્યાં રેડ અંકલ કયાં ભટકાયાં? એમની બૂમ છૂટવું તેના વિચારમાં મગજ ડબલ સ્પીડે દોડવા માંડ્યું!!

ત્યાં તો લાલાકાકા અમારી પાસે આવી ગયા. ને બોલ્યા : "કેમ પનુભાઇ, પકડી પાડ્યા ને?"

"લે કર વાત!!" અમારાથી બોલાઇ ગયું ને પછી લાલાકાકાને પૂછાઇ ગયું : "અંકલ, આરે તમને કોઇ રૂપિયા આપવાના બાકી છે?" "ના, કેમ?"

"અમે તમારા ઘરમાંથી કોઇ ચીજ તફડાવીને નાઠા છીએ?" "રેં?" અમારા એટેકથી અંકલ બીઘવાઇ ગયાં : "ના, ભઇ, ના..."

"તો શું અમે કોઇની છેડતી કરીને કે કોઇને અકસ્માત કરીને ભાગ્યા છીએ?" અમે પૂછ્યું...

"એવું કશું નથી, પનુભાઇ, પણ કેમ આમ પૂછો છો?" "તો પછી અમને પકડી પાડવાનો પ્રશ્ન કેમ આવ્યો, હેં?" અમે એમને સંભળાવ્યું...

"ઓ હો..હો.. હો..." અમારી વાત ઉપર હાઇ વોલ્યુમમાં હસી પડતાં અંકલ ઉવાચ : "પનુભાઇ, એવું કશું નથી... આ તો ગમ્મતમાં કહેવાઇ ગયું... તમને ખોટલું લાગ્યું, યાર?" "ના..."

"તો ઠીક... બાકી તમને ખોટું લાગ્યું હોય તોય મારી વાત સંભળાવ્યા વિના તો ન જ જવા દેત..." લાલાકાકાએ પાછી લપ શરૂ કરી.

અમે કહ્યું : "કાકા, અમારે મોડું થાય છે..."

"ખબર છે... પણ પનુભાઇ, એક વાત કહું? જો તમે મારી બૂમ સાંભળીને ઊભા ન રહ્યાં હોત તો આજે 'રન એન્ડ હીટ'નો કેસ થઇ જાત?"

"શું?" અંકલની વાત ન સમજાતાં અમે પૂછ્યું : "એ અંકલ રન એન્ડ હીટ નહીં, હીટ એન્ટ રન કહેવાય?"

"પનુભાઇ, હીટ એન્ડ રન તો ઓવર સ્પીડથી ભગાવાતી બીએમડબલ્યું જેવી મોંઘીદાટ કારના કિસ્સામાં. મારા કિસ્સામાં તો રન એન્ડ હીટ જ, હોં!"

અંકલની ગોળગોળ વાતથી મૂંઝાયેલા ને મોડું થતું હોવાથી વાત ટૂંકાવવા અમે મૌન રહ્યા પણ અંકલ કયાં છોડે એવા હતા. એમણે સમજાવ્યું : "જુઓ, તમે બૂમ સાંભળીને ય ચાલવાનું ચાલું રાખ્યું. હોત તો માટે તમને પકડવા 'રન' કરવું પડત અને પછી મારા ટાંટિયાથી બ્રેક ન લાગત તો હું તમારી સાથે 'હીટ' થઇ જાત ને તમે પડી જાત... બોલો જોયું ને રન એન્ડ હીટ?" કહીને અંકલ પુનઃ પોતાની જ જોક ઉપર "ઓહોહો..." કરતા હાઇ વોલ્યુમ હસી પડ્યાં.

અમે બોલ્યાં : "લાલાકાકા, અમારે ઉતાવળ છે... શોપિંગ જવું છે ઝડપથી."

"પનુભાઇ, એ તો તમારા હાથમાં થેલી અને ડોલચું જોઇને જ સમજાઇ ગયું છે કે તમે શોપિંગે શાકભાજી કે કરિયાણું કે ફરસાણ-મિષ્ટાન લેવા જઇ રહ્યાં છો, બરાબર?"

"હા... બરાબર... પણ તમે અમને થોડું કરાવી રહ્યા છો એ બિલકુલ બરાબર નથી, અંકલ. ઘરે મહેમાન છે. એટલે બધુ જલ્દીથી લઇને ઘરે જવું પડે એમ છે. સોરી, કાકા..." કહી અમે ચાલવા માંડ્યું.

"કશો વાંધો નહીં, પનુભાઇ, બસ એક જ મિનિટમાં મારી વાત કહી દઉં..." અંકલે અમને પાછા પકડ્યા.

અંકલની એક મિનિટનું સ્કેલમાપ અમે જતું કરીએ છીએ. એક મિનિટ બરાબર પંદર મિનિટ ઓછામાં ઓછી. અને અંકલ જ શું કામ, વ્યવહારમાં - બોલવામાં આપણે બધાં જ એમ કહીએ છીએ કે : "બસ, એક મિનિટનું કામ છે."

"એક જ મિનિટમાં આવું...." બાકી કોઇ એક મિનિટમાં કરી શકે છે? અરે, આપણે એમેય કહીએ છીએ કે, "હું જરા જઇને આવું ભાઇ, માણસ કયાંક જાય તો આખો જ જાય ને? જરા કઇ રીતે જઇ શકે? પણ આ તો ઘઉં દળાવવા જતા હોય ને કહે કે લોટ દબાવા જાઉં છું જેવી વાત છે!!"

એટલે જ અંકલથી ઝટપટ મુક્તિ મેળવવા અમે કહ્યું : "ભલે કાકા, જલ્દી કહી દો તમારી વાત."

"પનુભાઇ, મારૂં કહેવું છે કે આ વખતે તો આપણે પ્રોગ્રામ કરવો જ છે, હોં." પ્રોગ્રામપ્રેમી રેડ અંકલ બોલી ઊઠ્યા.

"શેનો પ્રોગ્રામ, લાલાકાકા?"

"અલ્યા ભઇ, સમજો જરા... હવે શું આવવાનું, બોલો?"

"કોને શું આવવાનું?"

"અમે નહીં, પનુભાઇ... હવે કયો તહેવાર આવશે?"

"અંકલ, અત્યારે અમને મોડું થાય છે ને તમે ઉખાણાં કયાં શરૂ કર્યા?" અમે અકળાઇ ઊઠ્યાં : "કહ્યું તો ખરૂં કે જલ્દી ઘરે જવું છે... મહેમાન છે."

"અચ્છા, તે પનુભાઇ અમેય મહેમાન જ કહેવાઇએ ને?" "હા... પણ.. તમે તો માન ન માન મેં તેરા વાળા મહેમાન..." અમારાથી બબડી જવાયું.

એ સાંભળયા વગર જ લાલાકાકા બોલ્યા : "પનુભાઇ, તમારે ઉતાવળ છે ને તો ચાલો હું ય તમારી સાથે શોપીંગ આવું છું. ચાલતાં ચાલતાં આપણા પ્રોગ્રામની વાત કહી લઇશ. ચાલો..." કહેતા રેડ અંકલે અમારી સાથે કદમ મીલાવ્યાં. ને પછી જીભ ચલાવી : "આ તમે જેમ મહેમાન છ... મહેમાન છે... કહીને ઉતાવળ કરો છો ને કંઇ સાંભળવા તૈયાર નથી એમ આજકાલ ગાંધીનગરમાં બધા કર્મચારીઓ - અધિકારીઓ ય એવું જ કરી રહ્યાં છે..." "એટલે?"

"અલ્યા ભઇ, કોઇને કંઇક કહીએ કે પૂછીએ છીએ એટલે એક જ જવાબ મળે છે હમણાં કશું નહીં... વિધાનસભા ચાલે છે..." "ઓહ..."

"હાં... ઓફિસમાં નિરાંતે બેઠા હોય પણ કોઇ કંઇક કામનાં માટે આવે કે કોઇનો ફોન આવે તો કહી દેશે હમણાં વિધાનસભા ચાલે છે... હમણાં કંઇ નહીં થાય. "

"સાચી વાત છે, કાકા."

"અરે, ઘરે એમની વાઇફો કે છોકરાં કંઇક કામ ચીંધે તોયફા કરી દે છે... એ બધું પછી. હમણાં વિધાનસભા છે."

"એ તો એમ જ હોય ને, અંકલ, વિધાનસભાનું કામ ટોપ પ્રાયોરિટી કહેવાય."

"એની કયાં ના છે. જેને વિધાનસભાની કામગીરી કરવાની હોય તે વિધાનસભાના પ્રશ્નની માહિતી - વિગતો ભેગી કરી - જવાબ તૈયાર કરવાનાં હોય, મંત્રીઓનીને બ્રીફ કરવાનો હોય, સેજ હાઉસમાં જવાનું હોય કે વિધાનસભા ગૃહનાં સ્ટાફમાં હોય એ કહે કે હમણાં ટાઇપ નથી, વિધાનસભા છે તો કંઇક સમજી શકાય પણ જે આ કશામાં રોકાયેલાં ન હોય એ લોકો ય 'પછી... પછી... ભાઇ, હમણાં વિધાનસભા છે...' ની જ ધૂન વગાડ્યા કરે એનું શું કરવાનું?"

"એ તો આ બ્હાને બીજા કામ પ્રશ્નો - જવાબદારીમાંથી થોડો ટાઇમ જે છૂટકારો મળ્યો એ..."

"પનુભાઇ, એ વાત સાચી."

"અને અંકલ ઘણાંને આદત હોય છેકે સામે એક પ્રશ્ન કે કામ પડ્યું હોય તો કહેશે આ પતવા દો. પછી બીજી વાત. સંતાન બારમામાં આવે ત્યારથી ઘણી બહેનો બધી વાતમાં કહેતી હોય છે : અમારા આનું એડમિશનનું એક વાર પતી જવા દો... પછી બધી વાત. એમને બીજો કોઇ પ્રોગ્રામ કરવાનું સૂઝતું જ નથી હોતું. બસ, આવું જ વિધાનસભાના મુદ્દે સરકારી કર્મચારીઓનું હોય છે."

"એક મિનિટ પનુભાઇ, વાત આડા પાડે ચઢી ગઇ હતી. આ તમે પ્રોગ્રામ બોલ્યા એટલે મને મારી મૂળ વાત યાદ આવી ગઇ. આ વખતે આપણે પેલો પ્રોગ્રામ કરવો જ છે..." લાલાકાકાને યાદ આવી ગયું.

"કયો પ્રોગ્રામ કરવો છે તમારે અંકલ?"

"મારે નહીં, પનુભાઇ, આપકો કરવાનો છે..."

"પણ શેનો?"

"અરે, યાર... હવે આવશે શિવરાત્રી... અને શિવરાત્રીના દિવસે શેનો પ્રોગ્રામ હોય, બોલો તો? રેડ અંકલ રંગમાં આવી ગયા."

"શિવરાત્રીના દિવસે શંકર ભગવાનની પૂજાનો, અભિષેકનો, 'ઓમ નમઃ શિવાય' ની અખંડ ધૂનનો ને સાથે ઉપવાસનો એટલે કે વેરાઇટી આઇટેમ્સ સાથેનાં ફરાળવાળા ઉપવાસનો પ્રોગ્રામ હોય..."અમે અંકલનો ઇશારો શેના પ્રતિ છે તે સમજી ગયા હોવા છતાં કહ્યું.

"એ બધા પ્રોગ્રામનો સમજયા મારા ભાઇ... શિવરાત્રીએ ખાસમ ખાસ પ્રોગ્રામ તો હોય ભાંગનો..."

"નાં, હોં અંકલ..."

"પનુભાઇ, ના ના કરો.... આ વખતે આપણે ભાંગનો જોરદાર પ્રોગ્રામ કરવો છે... આ મારી વાત હતી ને કહી. તમે પેલા મસાલાખાઉ પંચાલ, શેરબજારિયા ગાંધી, વાત વાતમાં ઓડિટ કાઢતાં દરજીને, કુલકર્ણીજીને અને વાઘેલા બાપુ તથા પેલા જુવાનિયા અભિષેકને વાત કરીને પાકું કહી દેજો..." લાલાકાકાએ અમને ધંધે વળગાડવા ટ્રાય કર્યો...

"અંકલ, તમે ભલે ઉત્સાહી હો ભાંગનાં પ્રોગ્રામનાં... પણ બીજા બધા તૈયાર નહીં થાય..." અમે કહ્યું.

"કેમ?"

"કેમ શું અંકલ? તમે જ તો કહ્યું કે બધા કહે છે હમણાં વિધાનસભા ચાલે છે... એટલે બીજું બધું પછી..." કહીને અમે મોડું થયું હોવાથી શોપિંગ સેન્ટર તરફ લગભગ દોડ્યાં માંડ્યું...

"અને પોતાનાં ભાંગના કાર્યક્રમનું ગોઠવાયા પહેલાં જ 'એચ્યુતમ્ કેશવમ્' થઇ જવાથી લાલાકાકા વગર ભાંગ પીધે થોડું બાન ગુમાવ્યા જેવા થઇ ગયા!!"

**આજકાલ ગાંધીનગરમાં બધા સરકારી કર્મચારીઓ-અધિકારીઓનાં મોંઢે એક જ વાક્ય સાંભળવા મળે છે : હમણાં કશું નહીં... વિધાનસભા ચાલે છે!!**